## સરકારી તુવેરદાળનાં ખાલી પાઉચનો જથ્થો મળ્યો

**નવસારીના** ઉદ્યોગનગરમાંથી મોટી સંખ્યામાં ખાલી પાઉચ મળી આવતા અનેક સવાલો ખડા થયા



**નવસારી:** નવસારી શહેરના ઉદ્યોગનગર વિસ્તારમાં કચરાના ઢગલામાંથી સરકારી જાહેર વિતરણ પ્રણાલી હેઠળ લાભાર્થીઓને અપાતી તુવેરદાળના મોટી સંખ્યામાં ખાલી પાઉચ મળી આવતા સમગ્ર મામલો તપાસનો વિષય બન્યો છે. એક જ સ્થળેથી આટલા મોટા પ્રમાણમાં સરકારી પાઉચ મળી આવતાં અનેક ગંભીર સવાલો ઊભા થયા છે અને પુરવઠા વ્યવસ્થાની પારદર્શિતા સામે પણ પ્રશ્નો ઉભા થયા છે.

મહત્વનો સવાલ એ છે કે આ પાઉચ અહીં સુધી કેવી રીતે પહોંચ્યા? શું લાભાર્થીઓએ ઉપયોગ કર્યા બાદ ફેંક્યા છે કે પછી પાઉચમાંથી દાળ કાઢીને અન્યત્ર વેચી દેવામાં આવી? સ્થાનિક રહેવાસીઓનું કહેવું છે કે રેશનની દુકાનો પર ઘણી વખત પૂરતા પ્રમાણમાં તુવેરદાળ ઉપલબ્ધ ન હોવાની ફરિયાદો વચ્ચે રસ્તા પર આટલા મોટા પ્રમાણમાં સરકારી પાઉચ મળવા સામાન્ય ઘટના માનવી મુશ્કેલ છે.

હવે નજર જિલ્લા પુરવઠા વિભાગ અને વહીવટી તંત્ર પર છે. પાઉચનો સ્ત્રોત શોધી કાઢવા, સંબંધિત રેશન દુકાનોના વિતરણ રેકોર્ડ, સ્ટોક રજિસ્ટર અને લાભાર્થીઓના વિતરણની વિગતોની તપાસ કરવામાં આવે તો મામલાની હકીકત બહાર આવી શકે છે. જો તપાસમાં જાહેર વિતરણ પ્રણાલીમાં કોઈ ગેરરીતિ, હેરાફેરી અથવા કાળાબજારી સામે આવે તો જવાબદારો સામે કડક કાનૂની કાર્યવાહી કરવી જરૂરી બનશે.

## વાપીની છાત્રાને ગર્ભવતી બનાવનારાને 20 વર્ષની કેદ

**4 માસનો** ગર્ભ રહી જતાં ભાંડો ફૂટ્યો હતો



વલસાડ: વાપીમાં 15 વર્ષની કિશોરી સાથે વારંવાર દુષ્કર્મ કરી તેને ગર્ભવતી બનાવનાર આરોપી વિરૂદ્ધ વાપીની સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સૂનવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ ડો. એચ. એન. વકીલે આરોપીને દોષિત ઠેરવી તેને 20 વર્ષની સખત કેદ અને રૂ. 10 હજારના દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ સાથે ભોગ બનનાર કિશોરીને વિક્ટીમ કમ્પેન્શેસન સ્કીમ અંતર્ગત રૂ. 4 લાખ ચૂકવવાનો પણ હુકમ કર્યો હતો.

વાપીના છીરી રામનગર વિસ્તારમાં રહેતા આલમ મોહમદ અફતાબે 15 વર્ષની વિદ્યાર્થિની સાથે મિત્રતા કેળવી હતી. એ દરમિયાન તેણે તેને લગ્નની લાલચ આપી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતુ. આ દરમિયાન તેને પેટમાં દુખાવો થતાં તેના માતા તેને ડોક્ટર પાસે લઇ ગયા હતા. ત્યારે તેણી 4 માસની ગર્ભવતી હોવાનું બહાર આવ્યું હતુ. જેના પગલે તેણીની પૂછતાછ કરતાં તેણીને આલમ મોહમદ અફતાબે ગર્ભવતી કરી હોવાનું બહાર આવ્યુ હતુ. ત્યારે આ સંદર્ભે તેના પિતાએ ડુંગરા પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે આલમ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી કરી હતી. જેના વિરૂદ્ધ વાપીની પોક્સો એક્ટની સ્પેશિયલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં તે દોષિત ઠરતાં તેને 20 વર્ષની સખત કેદની સજા ફટકારાઇ છે.

## મીંઢાબારીમાં ભૂલકાં ઓટલા પર બેસી ભણવા મજબૂર!

**સરકારી** ચોપડે 3 આંગણવાડી બોલે છે પણ કાર્યરત એક જ છે


નિલેશ કાપડિયા

વાંસદા: હાલ રાજ્યભરમાં શાળાઓમાં પ્રવેશોત્સવની ઉજવણી ચાલી રહી છે, ત્યારે વાંસદા તાલુકાના મીંઢાબારી ગામમાં વર્ષોથી આંગણવાડીની સુવિધાથી વંચિત રહેલાં નાના બાળકોની સમસ્યા સામે આવી છે. ગામમાં ત્રણ આંગણવાડી પૈકી બે જર્જરિત બની બિનઉપયોગી થઈ જતા બાળકોને અન્ય સ્થળોએ બેસીને અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે.

સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે કરોડો રૂપિયાનું બજેટ ફાળવે છે, છતાં અનેક ગામોમાં બાળકો માટેની પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળે છે. મીંઢાબારી ગામમાં આવેલી ત્રણ આંગણવાડીમાંથી હાલમાં માત્ર એક જ કાર્યરત છે. જ્યારે માળ ફળિયા અને નીચલા ફળિયાની આંગણવાડીઓ વર્ષોથી ઉપયોગ બહાર છે. માળ ફળિયાની આંગણવાડી જર્જરિત હાલતમાં પહોંચી જતા તેમાં બાળકોને બેસાડવું જોખમી બન્યું હતું. પરિણામે છેલ્લાં બે વર્ષથી આંગણવાડીનાં બાળકોને નજીકની પ્રાથમિક શાળામાં બેસાડવામાં આવી રહ્યા છે. આ સમયગાળા દરમિયાન નવી ઇમારત માટે કોઈ કામગીરી હાથ ધરાઈ નથી. બીજી તરફ, નીચલા ફળિયાની આંગણવાડી જર્જરિત હોવાથી તેને તોડી પાડવામાં આવી હતી. પરંતુ એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં નવી આંગણવાડીનું નિર્માણ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે આ વિસ્તારના બાળકો ગામના જ એક ઘરના ઓટલા પર બેસીને અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

## હાઈવે પર દારૂની હેરાફેરીમાં લક્ઝરી બસનો ઉપયોગ

**ડ્રાઈવર** ભાગી છૂટ્યો, ૬.૬૨ લાખના દારૂ સહિત 36.77 લાખનો મુદ્દામાલ કબજે કરાયો




વલસાડ: વલસાડ નજીક સરોંધીમાં મુંબઈથી અમદાવાદ તરફ જતી લક્ઝરી બસમાંથી એલસીબીએ ૬.૬૨ લાખનો ઈંગ્લિશ બનાવટનો દારૂ ઝડપી પાડ્યો હતો. વલસાડ રૂરલ પોલીસ મથકમાં આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

વલસાડ નેશનલ હાઈવે નંબર 48 ઉપર સરોંધી ગામમાં મુંબઈથી અમદાવાદ તરફ જઈ રહેલી એક ડાર્ક બ્રાઉન કલરની લક્ઝરી બસ (નંબર:AR-20-E-6899)માંથી પોલીસને તપાસ દરમિયાન વિપુલ પ્રમાણમાં વિદેશી દારૂ મળી આવ્યો છે. બસની અંદર ગુપ્ત રીતે છુપાવેલા ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બીયરના કુલ ૧૩૧ બોક્સ જપ્ત કરવામાં આવ્યા છે, જેની કિંમત રૂપિયા ૬,૬૨,૬૪૦/- થાય છે. પોલીસે દારૂ, રૂપિયા ૩૦ લાખની લક્ઝરી બસ અને ૩ મોબાઈલ ફોન મળીને કુલ રૂપિયા ૩૬,૭૭,૬૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## નવસારીમાં કથિત 'બોગસ વકીલો' સામે તપાસનો આદેશ

**કલેક્ટરે** તમામ મામલતદારોને અનઅધિકૃત વ્યક્તિને ન પ્રવેશવા દેવા આદેશ કર્યો

નવસારી: નવસારી જિલ્લા કોર્ટ કેમ્પસ અને સરકારી કચેરીઓમાં વકીલ તરીકેની કથિત ખોટી ઓળખ આપી કામગીરી થતી હોવાના મુદ્દે હવે જિલ્લા વહીવટીતંત્ર આળશ મરડીને બેઠું થયું છે.

નવસારી ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા કરાયેલી ગંભીર રજૂઆત બાદ જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ સમગ્ર મામલાને અત્યંત ગંભીરતાથી લઈને તમામ મામલતદાર કચેરીઓ સહિત જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓને તાત્કાલિક સૂચનાઓ જારી કરી હોવાનું જાણવા મળ્યું છે.

કલેક્ટરે સ્પષ્ટ આદેશ આપ્યો હોવાનું જાણવા મળે છે કે કોઈપણ અનધિકૃત વ્યક્તિને વકીલ અથવા કાયદાકીય પ્રતિનિધિ તરીકે સરકારી કચેરીઓમાં પ્રવેશ કે કામગીરી કરવાની મંજૂરી આપવામાં ન આવે. દરેક કચેરીએ આવી પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખી નિયમોનો કડક અમલ કરવો પડશે.

સાથે જ, બાર એસોસિએશન દ્વારા રજૂઆતમાં જેમના નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે તમામ વ્યક્તિઓ અંગે તથ્યાધારિત તપાસ હાથ ધરવા અને તેઓ કાયદેસર રીતે વકીલાતની કામગીરી કરે છે કે નહીં તેની ચકાસણી કરવા પણ સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જો તપાસ દરમિયાન કોઈપણ વ્યક્તિ કાયદેસર અધિકાર કે લાયકાત વિના વકીલ તરીકે કામગીરી કરતી હોવાનું સામે આવશે તો તેની સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

## નવસારી મહાપાલિકામાં 30 જૂને 13 કમિટીની રચના થશે

**ચેરમેન** પદ મેળવવા માટે જામી દોડધામ

નવસારી: નવસારી મહાનગરપાલિકાની આગામી 30 જૂનના રોજ યોજાનારી સામાન્ય સભા રાજકીય અને વહીવટી દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

આ બેઠકમાં શહેરના વિકાસ અને વહીવટી નિર્ણયો માટે મહત્વની ગણાતી 13 વિવિધ સમિતિઓની રચના થવાની સંભાવના છે. સામાન્ય સભાની જાહેરાત થતાં જ સમિતિઓના ચેરમેન પદ માટે દાવેદારોમાં ભારે દોડધામ અને રાજકીય ગતિવિધિઓ તેજ બની ગઈ છે.

મેયર, ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા, દંડક તથા બે મુખ્ય સમિતિઓની રચના પૂર્ણ થયા બાદ અન્ય સમિતિઓની રચના થવાની હતી, પરંતુ વિવિધ કારણોસર તેમાં વિલંબ થયો હતો. હવે લગભગ 35 દિવસ બાદ સામાન્ય સભા બોલાવવામાં આવતા આ પ્રક્રિયા પૂર્ણ થવા જઈ રહી છે.

પાલિકા સૂત્રોના જણાવ્યા મુજબ બાંધકામ, પાણી પુરવઠો, ડ્રેનેજ, આરોગ્ય, સફાઈ, લાઈટ, ટાઉન પ્લાનિંગ સહિત કુલ 13 સમિતિઓની રચના કરવામાં આવે તેવી શક્યતા છે. સમિતિઓની અંતિમ યાદી અને તેમાં સમાવિષ્ટ સભ્યો અંગેની સત્તાવાર જાહેરાત સામાન્ય સભા દરમિયાન કરવામાં આવશે.

સમિતિઓના ચેરમેન પદને લઈને કોર્પોરેટરોમાં ભારે રસ જોવા મળી રહ્યો છે. વિવિધ દાવેદારો પક્ષના વરિષ્ઠ નેતાઓ સમક્ષ પોતાની દાવેદારી મજબૂત બનાવવા પ્રયાસ કરી રહ્યા હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આગામી અઢી વર્ષ દરમિયાન શહેરના વિકાસકાર્યોમાં આ સમિતિઓ નિર્ણાયક ભૂમિકા ભજવશે.

## નવસારીના કથિત માટી ખનન કૌભાંડમાં તપાસનો પ્રારંભ

**ખાણ** ખનિજ અધિકારીને તપાસ કરી રિપોર્ટ કરવા કલેક્ટરે આદેશ આપ્યો

નવસારી: નવસારી જિલ્લાના ખાણ-ખનિજ વિભાગમાં કથિત માટી ખનન કૌભાંડને લઈને થયેલા વિવાદે હવે વહીવટી તંત્રનું પણ ધ્યાન ખેંચ્યું છે. માઈનિંગ કોન્ટ્રાક્ટર દ્વારા સોશિયલ મીડિયા પર જાહેર કરાયેલા વીડિયો બાદ સમગ્ર મામલો ચર્ચાના કેન્દ્રમાં આવ્યો હતો. ત્યારબાદ જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ખાણ-ખનિજ અધિકારી પ્રવીણ ખાંભલાને સમગ્ર પ્રકરણની ઝીણવટભરી તપાસ કરીને વિગતવાર અહેવાલ રજૂ કરવા સૂચના આપી હોવાનું જાણવા મળ્યું છે.

આ મામલામાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે જો કોન્ટ્રાક્ટરના આક્ષેપોમાં કોઈ તથ્ય હોય તો ગેરકાયદે ખનન લાંબા સમય સુધી ચાલ્યું કેવી રીતે? વિભાગની નિયમિત દેખરેખ, સ્થળ તપાસ અને રોયલ્ટી વસૂલાતની પ્રક્રિયામાં કોઈ ખામી રહી હતી કે કેમ, તેની પણ તપાસ જરૂરી બની છે. બીજી તરફ, જો આક્ષેપો નિરાધાર હોય તો તેના પણ સ્પષ્ટ પુરાવા જાહેર થવા જોઈએ, જેથી તથ્યો સામે આવે.

વિવાદનો બીજું મહત્વનું પાસું એ છે કે ચોમાસાની શરૂઆત બાદ ખનન થયેલા સ્થળોની વાસ્તવિક સ્થિતિ બદલાઈ શકે છે. તેથી સમયસર અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ કરવી જરૂરી માનવામાં આવી રહી છે. જરૂરી હોય તો સેટેલાઈટ ઈમેજરી, રેવન્યુ રેકોર્ડ, પરમિટ દસ્તાવેજો, રોયલ્ટી નોંધપોથી અને સ્થળ નિરીક્ષણ જેવા તમામ આધારનો ઉપયોગ કરીને તપાસ થવી જોઈએ.

આ સમગ્ર ઘટનાક્રમે ખાણ-ખનિજ વિભાગની પારદર્શિતા અને જવાબદારી અંગે પણ ચર્ચા ઉભી કરી છે. હવે લોકોની અપેક્ષા માત્ર તપાસ પૂરતી નથી, પરંતુ જો કોઈપણ સ્તરે ગેરરીતિ અથવા નિયમભંગ સાબિત થાય તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી થાય.

## ભીલાડના ગુનામાં 4 વર્ષથી નાસતો ફરતો રીઢો બુટલેગર ઝડપાયો

ઉમરગામ: વલસાડ એલસીબી પોલીસને મળેલી બાતમીના આધારે ઉમરગામ તાલુકાના ભીલાડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લાં ચાર વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ આરોપી સુજીતકુમાર ઉર્ફે વિશાલ રામલખનસિંહ બુદધનસિંહ (ઉ. વ. 30, રહે ગામ નેવાદા, પોસ્ટ મરહટ, ઉત્તર પ્રદેશ)ને ઝડપી પાડી વધુ તપાસ અર્થે ભીલાડ પોલીસને સોપ્યો હતો. પકડાયેલ આરોપી વિરુદ્ધ વર્ષ 2021માં સુરત ગ્રામ્ય કોસંબા પોલીસ સ્ટેશન તથા સુરત શહેર ડીસીબી પોલીસ સ્ટેશન વર્ષ 2022 વાપી ટાઉન પોલીસ સ્ટેશન વર્ષ 2023 નવસારી જિલ્લાના ગણદેવી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2024 માં પણ પ્રોહીબિશનના ગુનાઓ દાખલ થયેલા છે

## ગૌવંશના કલ્યાણ મુદ્દે નવસારીમાં અસંતોષ: મેયર સમક્ષ રજૂઆત

**ગૌશાળાઓમાં** ગૌવંશની હાલત અત્યંત કફોડી, અનશન આંદોલન કરવાની તૈયારી

અનેક વખતની રજૂઆતો પછી પણ પરિણામ શૂન્ય

**નવસારી:** નવસારી શહેરમાં ગૌવંશના સંરક્ષણ અને સંભાળને લઈને ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ગૌસેવકો અને ગૌરક્ષકોનો આક્ષેપ છે કે ગૌશાળાઓમાં પૂરતા ઘાસચારા, પીવાના પાણી અને આરોગ્ય સુવિધાના અભાવે ગૌવંશ મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી આ મુદ્દે વારંવાર રજૂઆતો કરવા છતાં સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી.

આ મુદ્દાને ગંભીર ગણાવતા ગૌરક્ષકોના પ્રતિનિધિમંડળે આજે નવસારીના મેયરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. આવેદનમાં ગૌવંશ માટે નિયમિત ઘાસચારો, પશુચિકિત્સકોની ઉપલબ્ધતા, ગૌશાળાઓની અસરકારક દેખરેખ અને રખડતાં ઢોરની સમસ્યાના કાયમી નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરવામાં આવી છે.

ગૌરક્ષકોનું કહેવું છે કે છેલ્લા આઠથી નવ મહિનામાં અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો છતાં પ્રશ્નો યથાવત રહ્યા છે. જો હવે પણ તંત્ર દ્વારા સમયસર નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં નવસારી મહાનગરપાલિકા કચેરી ખાતે શાંતિપૂર્ણ અનશન આંદોલન શરૂ કરવામાં આવશે, જેના માટે સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે.

ગૌસેવકોના જણાવ્યા મુજબ આ લડત કોઈ વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ નહીં પરંતુ નિરાધાર ગૌવંશના જીવન બચાવવા અને તેમની યોગ્ય સંભાળ સુનિશ્ચિત કરાવવા માટે છે.

તેઓએ વહીવટી તંત્રને અપીલ કરી છે કે આ મુદ્દાને માત્ર ફરિયાદ તરીકે નહીં, પરંતુ જીવદયા અને જાહેર જવાબદારીના પ્રશ્ન તરીકે જોવામાં આવે.

## ખેરગામમાં ક્વોરીમાંથી વૃદ્ધનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

ખેરગામ: ખેરગામ તાલુકાના જામનપાડાના ગામના દાદરી ફળિયામાં રહેતા રામજીભાઈ સોમલુભાઈ માહલા (ઉ. વ. ૭૬) ગત ૨૧ જૂનની રાત્રિ દરમિયાન કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. તેઓ માનસિક બીમાર અને દારૂ પીવાની ટેવવાળા હતા. શોધખોળ દરમિયાન ૨૪ જૂનના રોજ ઘરથી ૬૦૦ મીટર દૂર આવેલી શ્રીરામ ક્વોરીમાંથી દુર્ગંધ મારતી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ખીણમાં આશરે ૮૦ ફૂટની ઊંચાઈએથી પડતું મૂકવાને કારણે અથવા અકસ્માતે પડી જવાથી માથા, કપાળ અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું.વધુ તપાસ પીએસઆઈ એચ.એસ.પટેલ કરી રહ્યા છે.

## મોટાપોંઢાની ક્વોરી સામે આક્રોશ

**મોટાપોંઢા-** કાકડકોપર ગામનાં ઘરો, ખેતીને નુકાસન, કલેક્ટર સમક્ષ રજૂઆત કરાઈ



વલસાડ: વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢા ગામના ઝરા ફળિયામાં આવેલી બ્લેકટ્રેપ ક્વોરીની કામગીરી સામે સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોટી સંખ્યામાં ગ્રામજનોએ અધિક જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરીને સમગ્ર મામલે તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આવેદન પત્રની રજૂઆત મુજબ કાકડકોપર ગામના ડુંગરી ફળિયા બોર્ડર નજીક અને મોટાપોંઢામાં સમાવિષ્ટ ક્વોરીના કારણે કાકડકોપર ગામના આશરે 150 અને મોટાપોંઢા ગામના આશરે 50 જેટલા ઘરોને નુકસાન પહોંચ્યું હોવાનું જણાવાયું છે. રજૂઆતમાં બે ક્વોરીના નામજોગ ઉલ્લેખ કરાયો છે, જ્યારે અન્ય ક્વોરીઓની ભૂમિકાની પણ તપાસની માંગણી કરાઈ છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ક્વોરીમાં કરવામાં આવતા ભારે વેગન બ્લાસ્ટના કારણે સમગ્ર વિસ્તારમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાય છે. ખાસ કરીને તા. 18 જૂને કરવામાં આવેલા મોટા બ્લાસ્ટ બાદ લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

બ્લાસ્ટના કારણે અનેક ઘરોમાં તિરાડો પડી હોવાની, ખેડૂતોના બોરના પાણી સૂકાઈ જવાની તેમજ ધૂળ પ્રદૂષણથી ખેતીના પાકને નુકસાન થવાની ફરિયાદ કરવામાં આવી છે. આ ઉપરાંત ક્વોરીમાંથી નીકળતા ઓવરલોડ ટ્રકોના કારણે રસ્તાઓ બિસ્માર બન્યા હોવાનું અને દમણગંગા યોજના નહેરને પણ ભવિષ્યમાં જોખમ ઊભું થઈ શકે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

વેગન બ્લાસ્ટ પર કાયમી પ્રતિબંધ, ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી, નુકસાનગ્રસ્ત રસ્તાઓનું સમારકામ, ડસ્ટ પ્રદૂષણ નિયંત્રણ, બ્લાસ્ટ પહેલાં સાયરન વગાડવાની વ્યવસ્થા તથા વરસાદી મોસમ દરમિયાન ક્વોરીની કામગીરી બંધ રાખવા સહિતની માંગણીઓ કરી છે.

સ્થાનિક આગેવાન કલ્પેશ પટેલે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, અગાઉ કાકડકોપરમાં ગ્રામ પંચાયતને પણ રજૂઆત થઈ હતી. મોટાપોંઢાની ક્વોરીને લઈ ઊભી થયેલ પ્રદૂષણ, ખેતીને નુકસાન, બોરના તળ નીચે જવા, કેરીના વૃક્ષોને નુકસાન, બ્લાસ્ટથી ઘરોને નુકસાન થઈ રહ્યું છે.

## વાપીમાં ધોરણ 9ના વિદ્યાર્થીએ ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

વાપી: વાપી જીઆઈડીસીના રોજમોતી બિલ્ડીંગમાં રહેતા ધોરણ 9માં અભ્યાસ કરતા ૧૪ વર્ષના કિશોરે ફાંસો ખાઈને જીવન ટૂંકાવતા પરિવાર પર આભ તૂટી પડ્યા જેવું દુઃખ આવી પડ્યું છે. માતા-પિતા અન્ય જગ્યાએ ગયા હતા ત્યારે ઘરમાં ભાઈ અને બહેન એકલા હતા. બહેન બેડરૂમમાં હતી અને કિશોર વયના ભાઈએ હોલમાં ફાંસો ખાઈને જીવન લીલી સંકેલી લીધી હતી. બેડરૂમમાંથી બહેન જ્યારે હોલમાં આવી ત્યારે ભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોયો હતો. આ બનાવ અંગે વાપી જીઆઈડીસી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. મૃતક વાપીની એક પ્રતિષ્ઠીત સ્કૂલના વાઈસ પ્રિન્સિપલનો પુત્ર હોવાનું જાણવા મળે છે. આ બનાવથી પરિવાર સાથે આખા પંથકમાં ગમગીની પ્રસરી ગઈ હતી.

## પારડી નગરપાલિકાની કારોબારી સભામાં વિકાસ કાર્યોની ચર્ચા કરાઈ

**પ્રથમ** વરસાદ બાદ પરિસ્થિતિનું આંકલન કરી પાણી ભરાવવાની સમસ્યાનું નિવારણ કરાશે : ચેતન ભંડારી


અમૃત પટેલ

પારડી: પારડી નગરપાલિકામાં ગુરુવારે કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કારોબારી સમિતિના ચેરમેન ચેતન ભંડારીના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલી આ બેઠકમાં શહેરના વિકાસ કાર્યો, રોડ અને ચોમાસા પૂર્વેની કામગીરી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

પારડી નગરપાલિકાના સભાખંડમાં યોજાયેલી આ બેઠકમાં જાન્યુઆરી-૨૦૨૬થી માર્ચ-૨૦૨૬ સુધીના ત્રિમાસિક ખર્ચના હિસાબોને મંજૂરી આપવામાં આવી હતી. આ સાથે જ વિવિધ વિભાગોનાં ટેન્ડરો પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

સભામાં ખાસ કરીને શહેરના આરોગ્યલક્ષી મુદ્દાઓ અને રસ્તાના નવીનીકરણ અંગે ચર્ચા થઈ હતી. આગામી દિવસોમાં રોડ રીસરફેસીંગ સહિતનાં કામોને વેગ આપવામાં આવશે. ચેતન ભંડારીએ જણાવ્યું કે, નગરપાલિકાના આયોજિત પાર્ટી પ્લોટની કામગીરી હાલ ૭૦% જેટલી પૂર્ણ થઈ ગઈ છે. ચોમાસું પૂર્ણ થયા બાદ, જાન્યુઆરી કે ફેબ્રુઆરી ૨૦૨૭ સુધીમાં આ કામગીરી સંપૂર્ણ કરી લોકાર્પણ કરવામાં આવશે.

ચોમાસાને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા પ્રી-મોન્સૂનની કામગીરી પૂરી કરી લેવામાં આવી છે. વધુમાં જણાવાયું છે કે પ્રથમ વરસાદ બાદ પરિસ્થિતિનું આકલન કરી જ્યાં પણ પાણી ભરાવવાની સમસ્યા જણાશે ત્યાં તાત્કાલિક નિવારણ લાવવામાં આવશે.